તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૬ | ૭ ડિસેમ્બર, ૨૦૧૬, બુધવાર ; માગશર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# અમ્માની અંતિમ વિદાય

**મરીના બીચ ખાતે એમજીઆરની સમાધિ નજીક દફનવિધિ : સોમવારે મોડી રાત્રે અવસાન થયા બાદ જયલલિતાના પાર્થિવ શરીરને રાજાજી હોલમાં અંતિમ દર્શન માટે રખાયા હતા : અંતિમયાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યું**



નવી દિલ્હી,તા. ૬

તમિળનાડુના મુખ્યપ્રધાન અને કરોડો સમર્થકોમાં અમ્મા તરીકે વધારે લોકપ્રિય જે જયલલિતાનુ સોમવારે મોડી રાત્રે અવસાન થયા બાદ આજે સાંજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જયલલિતાને અગ્નિસંસ્કાર કરવાના બદલે તેમની દફનવિધિ કરવામાં આવી હતી. જયલલિતાને એમજીઆરની નજીક દફનાવવામાં આવ્યા હતા. તે વખતે લાખોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉ જયલલિતાના અંતિમ દર્શન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ પહોંચ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. ગઈકાલે તેમના અવસાન બાદ જયલલિતાના પાર્થિવ શરીરને રાજાજી હોલ ખાતે રાખવામાં આવ્યા હતા ત્યારબાદ તેમની અંતિમ યાત્રા બપોર બાદ શરૂ થઈ હતી જેમાં તેમના લાખો સમર્થકો ઉમટી પડ્યા હતા અને આ અંતિમ યાત્રા થોડાક સમય સુધી ચાલ્યા બાદ તેમના અંતિમસંસ્કાર માટે તેમના પાર્થિવ શરીરને ચેન્નાઈના મરીના બીચ ઉપર લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને સંપૂર્ણ સન્માન સાથે દફનાવવામાં આવ્યા હતા.

રવિવારના દિવસ બાદથી જ તેમની હાલત ખુબ ખરાબ હતી. રવિવારે તેમની હાર્ટની ગતિ રોકાઈ ગયા બાદ નિષ્ણાંતોની ટીમ સતત પ્રયાસ કરી રહી હતી. જો કે જીન્દગી સામેની લડાઈ અમ્મા હારી ગયા હતા. તેમનુ સોમવારે રાત્રે ૧૧-૩૦ વાગ્યે અવસાન થયુ હતુ. અમ્મા ૨૨ સપ્ટેમ્બરથી અપોલો હોસ્ટિપલમાં સારવાર હેઠળ હતા. જયલલિતાના પાર્થિવ શરીરને અતિમ દર્શન માટે

● અનુસંધાન પાન-૭ પર

## અમ્માના અવસાનથી દેશભરમાં શોકનું મોજુ

**તમિળનાડુમાં સાત દિવસના શોકની જાહેરાત**



ચેન્નાઈ,તા. ૬

તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાના અવસાનથી સમગ્ર દેશમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. જયલલિતાના અવસાનના સમાચાર મળતાની સાથે જ તેમના કરોડો સમર્થકો દુખમાં ગરકાવ થઈ ગયા હતા. જયલલિતાની તબિયત ગંભીર હતી ત્યારે જ તેમના માટે પ્રાર્થના અને પૂજા અર્ચના દોર ચાલી રહ્યો હતો પરંતુ ચાહકોની ઈચ્છા પુરી થઈ ન હતી અને જયલલિતાનું સોમવારે રાત્રે અવસાન થઈ ગયું હતું. જયલલિતા છેલ્લા ઘણા સમયથી બિમાર હતા. જયલલિતાના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ તેમના તમામ સમર્થકો હોસ્પિટલની બહાર ધસી ગયા હતા. તેમને જોવા માટે ચાહકો ઉમટી પડ્યા હતા. તમિળનાડુમાં સવારથી

● અનુસંધાન પાન-૭ પર

## જયલલિતાએ ૧૪૦થી વધુ તમિલ ફિલ્મમાં ભૂમિકા કરી હતી

ચેન્નાઈ, તા. ૬

અમ્મા તરીકે લોકપ્રિય જયલલિતા રાજકારણમાં પ્રવેશ્યા તે પહેલા ખુબ જ લોકપ્રિય અભિનેત્રી તરીકે હતા. તમિળ, તેલુગુ, કન્નડ સહિત ૧૪૦થી વધુ ફિલ્મોમાં જયલલિતા અભિનેત્રી તરીકે રહ્યા હતા. ૧૯૬૧થી લઈને ૧૯૮૦ના દશકમાં તેઓ અગ્રણી અભિનેત્રી તરીકે હતા. જુદા જુદા રોલ કરવામાં જયલલિતાની ખુબ જ કુશળતા જોવા મળી હતી. જુદી જુદી ભૂમિકાઓ પણ અદા કરી હતી. પોતાની ડાન્સિંગ કુશળતાના લીધે પણ જયલલિતા લોકપ્રિય હતા. તમિળ સિનેમાના ક્વીન તરીકે જયલલિતાને ગણવામાં આવતા હ તા. જયલલિતાએ અનેક યાદગાર ફિલ્મોમાં પોતાની ભૂમિકા અદા કરીને તમામ લોકોને રોમાંચિત કર્યા હતા.

# પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારાના ભણકારા

**ક્રૂડની કિંમત ૬૦ ડોલર સુધી પહોંચશે તો પેટ્રોલ ૮૦ અને ડિઝલની કિંમત લીટરદીઠ ૬૮ સુધી પહોંચી જવાની વકી**

નવી દિલ્હી,તા. ૬

ઓઈલ કાર્ટલ ઓપેક દ્વારા હાલમાં જ ઉત્પાદનમાં કાપ મુકવાનો નિર્ણય કર્યા બાદ આની સીધી અસર જોવા મળે તેવી શક્યતા છે. આની માઠી અસર સામાન્ય લોકો ઉપર જોવા મળશે. કારણ કે, આનાથી ફ્યુઅલની કિંમતમાં ૫-૮ ટકા સુધીનો વધારો થઈ શકે છે. આગામી ત્રણથી ચાર મહિનાના ગાળામાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં જંગી વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. રિફાઈનરીઓના માર્જિનને પ્રોત્સાહન આપવા માટે પગલા લેવાઈ રહ્યા છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઓપેકે કાપ મુકવાનો નિર્ણય કર્યા બાદ તેની સીધી અસર જોવા મળશે. આગામી મહિનાથી ઉત્પાદનમાં કાપ મુકવા માટે નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. ક્રિસિલના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, પેટ્રોલની કિંમતમાં ૫-૮ ટકા સુધીનો વધારો થઈ શકે છે. જ્યારે ડિઝલની કિંમતમાં આગામી ત્રણથી ચાર

● અનુસંધાન પાન-૭ પર


ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો





## RBI પોલિસી પહેલા સેંસેક્સ ફ્લેટ

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે રિકવરીનો દોર રહ્યો હતો. કારોબારના અંતે સેસેક્સમાં ૪૪ પોઈન્ટનો સુધારો રહ્યો હતો જેથી તેની સપાટી ૨૬૩૯૩ની નોંધાઈ હતી. જ્યારે નિફ્ટી ૮૧૫૦ની સપાટીને જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યો હતો. કારોબારના અંતે નિફ્ટી ૧૪ પોઈન્ટ સુધરીને ૮૧૪૩ની સપાટી પર રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં સુધારો રહ્યો હતો. બન્નેમાં ક્રમશ ૦.૫૨ અને ૦.૪૧ની સપાટી જોવા મળી હતી.બ્રોડર માર્કેટમાં તેજી રહી હતી. ૧૫૨૫ શેરમાં તેજી અને ૧૧૩૧માં મંદી રહી હતી. જ્યારે ૧૫૬ શેરમાં યથાસ્થિતી રહી હતી. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો રિયાલિટી ઈન્ડેક્સમાં સૌથી વધુ સુધારો રહ્યો હતો. તેમાં આશરે બે ટકાનો સુધારો રહ્યો હતો.બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૧.૧૭ ટકાનો સુધારો રહ્યો હતો. એનર્જીમાં ૦.૮૯ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આજે શેરબજારમાં જે શેરમાં જોરદાર સુધારો નોંધાયો હતો તેમાં એચડીએફસી, અદાણી પોર્ટ અને ઓએનજીસીનો સમાવેશ થાય છે. આ તમામમાં બે ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે તેવા અહેવાલ મળી રહ્યા છે.


સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
ઈન્ફોસીટી●સે.૨૧●ચાંદખેડા●કલોલ●દહેગામ
ટર્મીનલ ઓપરેટર- ૫
ઓફીસ સ્ટાફ- ૭
કોમ્પ્યુટર ઓપરેટર- ૧૦
8000/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
bestboi123@gmail.com
WhatsApp: 9974703401




VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

